જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૯/૦૯/૨૦૧૮ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૮ લીટર દેશી દારૂ અને ૯ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૭૫૩/૧૮**

**ક્રાઈમ બ્રાન્ચઃ** શાંતિભાઇ કરશનભાઇ પટેલ (ઉ.વ.૫૫) (રહે. કર્ણાવતી પાર્ક શિણોમણી બંગ્લોઝની સામે એક્સપ્રેસ હાઇવે સામે સી.ટી.એમ.ખોખરા) એ તા.૮/૯/૧૮ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૩/૨૦૧૬ થી તા.૩/૮/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પુજા શર્મા (૨) રોહીત સક્શેના (૩) રજત ગોહીલ (૪) અમીત શર્મા તેમજ અન્ય વ્યક્તિએ ભેગા મળી અમરાઈવાડી ખાતે આવેલ ટોરેન્ટ પાવર કંપની ખાતે શાંતિભાઈને પોલીસી લેવડાવી પ્રિમિયમના રૂપિયા.૪,૯૦,૦૦૦/- તથા જી.એસ.ટી રૂપિયા ૧૯,૯૯,૯૦૦/- મળી કુલ રૂપિયા.૨૪,૮૯,૯૦૦/- મેળવી લઈ રૂપિયા ૪,૯૦,૦૦૦/-ની જુદીજુદી પોલીસીઓ આપી તે સિવાયના બાકીના રૂપિયા ૧૯,૯૯,૯૦૦/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**નવરંગપુરાઃ** અંજનાબહેન વા/ઓ પરીક્ષીતભાઈ પટેલ (રહે. સીલ્વર ગાર્ડનીયા ફ્લેટ ગોતા ઓવરબ્રીજ પાસે એસ.જી હાઈવે સોલા) એ તા.૮/૯/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૨/૧૮ નારોજ આરોપી (૧) અમીત આચાર્ય અને (૨) જયપ્રકાશ શ્રીવાસ્તવ એ ભેગા મળી નવરંગપુરા આશ્રમ રોડ નટરાજ સીનેમા સામે આવેલ રત્ના બીઝનેસ સ્કવેર કોમ્પ્લેક્ષની ઓફીસ નં-૨૨૬ અંજની મલ્ટીબીજ્જ લીમીટેડ ખાતે પતંજલી આર્યુવેદની ખોટી વેબસાઈટ બનાવી પતંજલીના પ્રોડક્ટની ફ્રેન્ચાઈજી લેવા માટે અંજનાબહેન પાસેથી કુલ રૂપિયા ૮૧,૦૭૬/- લઈ પતંજલી આર્યુવેદનું પ્રમાણપત્ર આપી અંજનાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

**સેટેલાઈટ**ઃ ભુપેન્દ્ર સ/ઓ કાંતીલાલ ઠક્કર (રહે. પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટ શ્યામલ રો હાઉસ વિભાગ-પ નજીક સેટેલાઇટ) એ તા.૮/૯/૧૮ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી-૨૦૧૭ થી માહે મે-૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રિયંકા વા/ઓ કિંચીત જૈન અને (૨) કિંચીત જૈન (બન્ને રહે.રુપકલા ભવન મનાલી સિલેકશન પાસે શિવ વાર્ગ તેલીવાડા ગીરવા ઉદેપુર રાજસ્થાન) એ ભેગા મળી સેટેલાઇટ શ્યામલ રો હાઉસ વિભાગ-પની નજીક પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટ ખાતે પોતાની કંપની દ્વારા પેરેન્ટ્સને મકાન આપવાની સ્કીમ મુકેલ છે. જેમાં 1 BHK મકાન આપવામા આવશે તેમ કહી વિશ્વાસમાં લઇ ભુપેન્દ્ર ઠક્કર પાસે થી ૨૦ ડીફેન્સ હાઉસીંગ સોસાયટીનુ ફોર્મ ભરાવી એડવાન્સમાં રૂપિયા ૨,૫૦,૦૦૦/-ભરાવી અલગ-અલગ બેંકના ખાતામાં કુલ રૂપિયા ૨૪,૭૪,૭૨૧/- ભરાવડાવી મકાન કે પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૫૪/૧૮</u>**

**ચાંદખેડા**ઃ અંજુબહેન વા/ઓ મયંકભાઇ સુરાણા (ઉ.વ.૪૭) (રહે.સંગાની આદિત્ય હાઇટસ મોટેરા ચાંદખેડા) તા.૮/૯/૧૮ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે ડીસા-પાલીતાણા બસમાંથી ચાંદખેડા બસ સ્ટેન્ડ ખાતે બસમાંથી ઉતરતા હતા ત્યારે અજાણી વ્યક્તિએ નજર ચુકવી અંજુબહેનના પર્સમાંથી એપલ કંપનીનો આઇ-૧૦ મોડલ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૬૦,૦૦૦/-ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ અંજુબહેન સુરાણાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ જી.વી.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૫૫/૧૮</u>**

**ઓઢવ**ઃ કેયુર અરવિંદભાઇ રાવલ (રહે. અજીતનાથ કૃપા સોસાયટી બંસરી ફલેટ પાસે અંબિકાનગર ઓઢવ) એ તા.૦૫/૦૯/૧૮ રાતના ૧૧/૦૦ વાગે ઓઢવ જી.આઇ.ડી.સી.રોડ નં-૧૪ સામે અમરકૃપા ટ્રાન્સપોર્ટ ઓફિસ આગળ આઈસર ગાડી નંબર જીજે.૨૭.એક્સ ૦૯૯૭ કિમત રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૮/૧૮ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ કેયુર રાવલે તા.૮/૯/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટ**ઃ ભવાનીસિંહ કેશરસિંહ સીસોદીયા (રહે. સાવિત્રીનગર સોસાયટી હરિવીલાની પાસે ચાંદલોડીયા) એ તા.૧૦/૮/૧૮ રાતના ૧૧/૦૦ વાગે ચાંદલોડીયા કિર્તી ડેરી હરીવીલા શોપીંગ સેન્ટર નજીક પોતાની મારૂતિ શિફ્ટ કાર નંબર જીજે.૦૧.આર.એફ.૫૨૫૦ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૧/૮/૧૮ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ભવાનીસિંહ સીસોદીયાએ તા.૮/૯/૧૮ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** શૈલેષભાઇ જયંતિલાલ ભાયાણી (રહે. પ્રેમચંદનગર રો હાઉસ જજીસ બંગલો રોડ બોડકદેવ) એ તા.૪/૯/૧૮ રાતના ૮/30 વાગે પ્રેમચંદનગર રો હાઉસ બોડકદેવ ટેલીફોન એક્ષ્ચેંજ વાળા ગેટની બાજુમા ખુલ્લા પ્લોટની સામે પોતાની ઈનોવા કાર નંબર જીજે.૦૧.એચ.ડબલ્યુ ૧૫૬૪ કિમત રૂપિયા ૭,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૫/૮/૧૮ કલાક ૫/00 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ શૈલેષભાઇ ભાયાણીએ તા.૮/૯/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.આર.ભરવાડ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૬/૧૮**

**નારોલઃ** જીગ્નેશભાઇ અજીતભાઇ જાદવ (રહે. ગામ-વરલી તા-તારાપુર જી-આણંદ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૯/૧૮ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ફતેવાડી કેનાલથી ડાબી બાજુ સાબરમતી નદીના પટ નજીક શટલ રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષાના ચાલકે ચપ્પુ બતાવી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૫00/- અને રોકડ રૂપિયા ૨૫00/- તેમજ જરૂરી ડોક્યુમેન્ટ લુંટ કરી જીગ્નેશભાઇને રિક્ષામાંથી ઉતારી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એ.જાદવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૭/૧૮**

**રખિયાલઃ** શબાનાબાનુ મહેબુબાલી શેખ (ઉ.વ.૧૬) (રહે.મંસુરી બુટવાળાની ચાલી રખીયાલ) એ અગમ્ય કારણસર તા.૮/૯/૧૮ બપોરના 3/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.